# પોલીસ મહાનિરીક્ષકની કચેરી સરહદી વિભાગ, ભુજ-કચ્છ

બી.એસ.એન.એલ કચેરી પાસે , હરિપર રોડ કચ્છ ભુજ- ૩૭૦૦૧
કચેરી સંપર્ક નંબર .(૦૨૮૩૨) ૨૩૨૩૩૫, ૨૩૨૩૬૬ ઇ-મેઈલ-digp-kut@gujarat.gov.in

## કાયદા અધિકારી (વર્ગ-૧ સમકક્ષ) ની કરાર આધારિત જગ્યાની ભરતી

---

સરહદી વિભાગ ભુજ-કચ્છ હેઠળની (૧) પોલીસ અધિક્ષકશ્રી પશ્ચિમ કચ્છ ભુજ (૨) પોલીસ અધિક્ષકશ્રી પૂર્વ કચ્છ ગાંધીધામ (૩) પોલીસ અધિક્ષકશ્રી પાટણ (૪) પોલીસ અધિક્ષકશ્રી બનાસકાંઠા-પાલનપુર ની કચેરીઓ માટે કાયદા અધિકારી (વર્ગ-૧ સમકક્ષ) ની જગ્યા ૧૧ માસ માટે કરાર આધારે ભરવા માટે ઇચ્છુક ઉમેદવારો પાસેથી નીચેની વિગતોએ નિયત નમૂનામાં અરજી મંગાવવામાં આવે છે.

| જગ્યાનું નામ | કુલ જગ્યા | વયમર્યાદા | પગાર અને ભથ્થા | લાયકાત અને અનુભવ |
|---|---|---|---|---|
| કાયદા અધિકારી | ૦૪ | ૫૦ વર્ષથી વધારે નહી (તા.૩૧/૦૫/૨૦૨૫ ની સ્થિતીએ) | રૂ ૬૦,૦૦૦/- માસિક એકત્રિત રકમ | (૧) માન્ય યુનિ. કાયદાના સ્નાતકની પદવી (૨)વકીલાતની કામગીરીનો લઘુત્તમ ૧૦ વર્ષનો અનુભવ |

**<u>અન્ય વિગતો:</u>**

૧. જ્યુડીસિયરી ડીપાર્ટમેન્ટમાંથી નિવૃત થયેલ, હાલમાં વકીલાત કરતા અને જગ્યાની ફરજો જોતાં અનુભવી વ્યક્તિની વયમર્યાદામાં છુટ છાટ આપી પ્રાધાન્ય આપવામાં આવશે.

૨. ગુજરાતી અને અંગ્રેજી બંન્ને ભાષા પરનું પ્રભુત્વ જરૂરી

૩. બાર કાઉન્સીલ ઓફ ગુજરાતમાં Enrolment હોવું ફરજીયાત છે.

૪ CCC+ સમકક્ષનું કોમ્પ્યુટરનું નોલેજ હોવું જરૂરી

૫. અરજીપત્રક નો નમૂનો તથા કરારની શરતો અને બોલીઓ પોલીસ વિભાગનીવેબસાઈટ https://spkutch.gujarat.gov.in/ ઉપર (અવનવું વિભાગ) માંથી ડાઉનલોડ કરી શકાશે.

૬. સંપૂર્ણ વિગતો સાથે ભરાયેલ અરજી પત્રક જરૂરી પ્રમાણપત્રોની નકલ સાથે **<u>તા.૩૦/૦૬/૨૦૨૫ સુધીમાં</u>** પોલીસ મહાનિરીક્ષકશ્રી,સરહદી વિભાગ ભુજ ની કચેરી બી.એસ.એન.એલ કચેરી પાસે, હરિપર રોડ કચ્છ-ભુજ -૩૭૦૦૧ ના સરનામે રજી.પોસ્ટથી મોકલી આપવાની રહેશે. કાયમી સરનામા પરથી રજી.પોસ્ટ કરવું અને ઉમેદવારનો મોબાઈલ નંબર તથા પરિવારના સભ્યનો એક મોબાઈલ નંબર અવશ્ય દર્શાવવો. અરજીપત્રક રૂબરૂમાં સ્વીકારવામાં આવશે નહી. નિયત કરેલ સમયની બહારની અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહી.

૭. ખાલી જગ્યાઓની દ્રષ્ટિએ તથા વહીવટી અનુકુળતા ખાતર જે તે જીલ્લા ના સ્થાનિક ઉમેદવારોને પ્રાધાન્ય આપવામાં આવશે.

૮. ઉમેદવારો વિરુદ્ધ કોઈ પણ ક્રિમીનલ કેસ/ગંભીર કાયદાકીય પ્રક્રિયા/ખાતાકીય તપાસ પડતર એક સૂચિત ના હોવી જોઈએ

૯. સદર જાહેરાત અન્વયે નિયત શરતો અને અત્રેની કચેરીનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.

**(ચિરાગ કોરડીયા)**
**પોલીસ મહાનિરીક્ષક**
**સરહદી રેન્જ , ભુજ**

# કાયદા અધિકારી તરીકે.............................ની કચેરી ખાતે કરારના ધોરણે નિમણૂક માટેનું અરજી ફોર્મ

પાસપોર્ટ ફોટો

| | | |
|---|---|---|
| ૧ | નામ | |
| ૨ | જન્મ તારીખ | |
| ૩ | સરનામું | રહે.....................................<br>............................................<br>ટેલી./મો/ઈ-મેલ...................<br>કચેરી....................................<br>...........................................<br>ટેલી/મો/ઈ-મેલ.................... |
| (એ) | હાલની પ્રેકટીસનું સ્થળ | |
| ૪ | શૈક્ષણિક લાયકાતની વિગત (સ્નાતકથી શરૂ કરી) | |

| પાસ કરેલ પરીક્ષા | પાસ કર્યાનું વર્ષ | કોલેજ | યુનિવર્સિટી | મેળવેલ વર્ગ/ગ્રેડ | ટકા અને માર્કસ | ખાસ વિષય |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |
| | | | | | | |
| | | | | | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૫ | વકીલ તરીકે સનદ મેળવ્યાની તારીખ (નકલ સામેલ રાખવી) | | | | |
| ૬ | અનુભવ (ક્રીમીનલ અને સીવિલના કેસો) | | સેસન્સ/મેટ્રો/ નીચલી કોર્ટ | હાઈકોર્ટ | સુપ્રિમ કોર્ટ |
| | **(i)** | **At Bar (in year)** | | | |
| | **(ii)** | **No. of criminal case handled** | | | |
| | **(iii)** | **No of cases when appeared on behalf of** | | | |
| | | **(a)** **Central, State Government, Ministries & Organizations** | | | |
| ૭ | લડવામાં આવેલ અગત્યના કેસો(સંખ્યા) (કેસ નં-સાથે) કુલ આંકડો | | સેસન્સ/મેટ્રો/ નીચલી કોર્ટ | હાઈકોર્ટ | સુપ્રિમ કોર્ટ |
| | | | | | |
| ૮ | કેસોમાં મળેલ સફળતા (સંખ્યા) (આંકડા-નંબર સાથે) | | સેસન્સ/મેટ્રો/ નીચલી કોર્ટ | હાઈકોર્ટ | સુપ્રિમ કોર્ટ |
| | | | | | |
| ૯ | કોઈ સંસ્થા/સરકાર(રાજય/કેન્દ્ર) સરકારી વિભાગ/ખાનગી સંસ્થાના પેનલ વકીલ તરીકે કામગીરી સંભાળતા હોય/સંભાળેલ હોય તો તેની વિગત | | | | |

| | | |
|---|---|---|
| ૧૦ | અગાઉ ગુન્હો દાખલ થયેલ હોય તો તેની વિગત/બારકાઉન્સીલ દ્વારા કોઈ શિક્ષાત્મક કાર્યવાહી થયેલ હોય કે ચાલુ હોય તેની વિગત | |
| ૧૧ | <u>નિમણૂક માટેના સ્થળની અગ્રતા</u><br>(૧) પોલીસ અધિક્ષકશ્રી પશ્ચિમ કચ્છ ભુજ (૨) પોલીસ અધિક્ષકશ્રી પૂર્વ કચ્છ ગાંધીધામ (૩) પોલીસ અધિક્ષકશ્રી પાટણ (૪) પોલીસ અધિક્ષકશ્રી બનાસકાંઠા-પાલનપુર ની કચેરી પૈકીની કોઈ પણ એક (૧) જે કચેરી ખાતે નિમણૂક મેળવવા ઈચ્છા ધરાવતા હોય તે કચેરીનુ નામ સ્પષ્ટ દર્શાવવુ | |

**અરજીમાં દર્શાવેલ તમામ વિગત અમારી માન્યતા મુજબ સાચી છે**

**ઉમેદવારની સહી**

**સ્થળ:**

**તારીખ:**

**નોંધ:** (૧) અરજી સાથે ઉપર જણાવેલ વિગતોનો જરૂરી આધાર અચૂક મોકલવાના રહેશે.

(૨) અસીલ માટે લડવામાં આવેલ કેસમાં તરફેણમાં આવેલ ચુકાદાના એક જજમેન્ટની નકલ ફરજીયાત બિડાણ કરવાની રહેશે.

**<u>બે પ્રતિષ્ઠિત વ્યક્તિઓ નાં નામ, સરનામા, ફોન નંબર.</u>**

(૧)

(૨)

## પરિશિષ્ટ-૧

## ૧૧ માસના સમય માટે કરારના ધોરણે કાયદા અધિકારીતરીકે અપાતી/માનદ્ વેતનથી નિમણૂંકો અંગેની બોલી અને શરતો

૧. શ્રી (નિમણૂંક અપાતા ઉમેદવારનું નામ) તેઓ હાજર થાય તે તારીખથી પ્રથમ તબકકે ૧૧ માસની મુદત માટેની રહેશે.

૨. નિમણૂંક કરનાર કે નિમણૂંક પામનાર બંન્ને પક્ષો એક માસની નોટિસ આપીને કરાર નિયુકિતનો અંત લાવી શકશે.

૩. તેઓએ બોર્ડર રેન્જ હેઠળના જીલ્લાની કચેરી ખાતે ફરજો બજાવવાની રહેશે.

૪. તેઓની સામાન્ય ફરજો અને જવાબદારીઓ આ સાથે સામેલ પરિશિષ્ટ-૨માં જણાવ્યા પ્રમાણેની રહેશે.

૫. તેઓને રૂ. ૬૦,૦૦૦/-(અંકે રૂપિયા સાઈઠ હજાર પૂરા) માસિક એકત્રિત રકમ મળવાપાત્ર રહેશે.

૬. ઉપર પ્રમાણેના એકત્રિત વેતન પર તેમને કોઈપણ જાતના ભથ્થા મળવાપાત્ર થશે નહી.

૭. કરારના સમયગાળા દરમિયાન તેઓને એકત્રિત વેતનમાં કોઈપણ પ્રકારનો વધારો કે ઈજાફો, મોંઘવારી ભથ્થું, વચગાળાની રાહત તથા પગારપંચના બીજા કોઈ પણ પ્રકારના લાભો મળવાપાત્ર થશે નહી.

૮. કરારના સમયગાળા દરમિયાનની નોકરી બદલ વધારાનું બોનસ, એલ.ટી.સી. લીવ એન્કેસમેન્ટ, પેશગી કે તેવા અન્ય કોઈ પણ પ્રકારના નાણાકીય લાભો મળવાપાત્ર થશે નહી.

૯. કરારના સમયગાળા દરમિયાન તેઓનું અવસાન થાય તો તેમણે બજાવેલ ફરજના સમયગાળાના એકત્રિત વેતનની લેણી રકમ તેઓના કુટુંબીજનોને મળવાપાત્ર થશે. પરંતુ બીજા કોઈ નાણાકીય લાભ, એક્ષગ્રેસીયા લાભ કે રહેમરાહે નોકરી જેવા આનુષાંગિક લાભ મળવાપાત્ર થશે નહી.

૧૦.તેઓના કામકાજનો સમય રાજય સરકારની કચેરીના સમય મુજબનો રહેશે અને તે અનુસાર કચેરીમાં હાજરી આપવાની રહેશે. પ્રસંગોપાત વધુ સમયના કામ માટે કોઈ વળતર ભથ્થું આપવામાં આવશે નહી.

૧૧.તેઓને વર્ષ દરમિયાન ૧૧ પરચૂરણ રજા સંબધિત જીલ્લાના પો.અધિ.શ્રીની પૂર્વ મંજૂરીથી મળવાપાત્ર થશે અને તે સિવાય અન્ય કોઈ રજા મળવાપાત્ર થશે નહી. અનિવાર્ય સંજોગોના કારણે જો તેમને વધુ રજા લેવાની થાય તો તેવી ગેરહાજરીના સમયગાળા સામે મળતી માસિક ઉચ્ચક રકમમાંથી પ્રમાણસર થતી રકમની કપાત કરવામાં આવશે.

૧૨.તેઓએ કાર્યમથક પર રહેઠાણ રાખવાનું ફરજીયાત રહેશે અને સંબધિત જીલ્લાના પો.અધિ.શ્રીની પરવાનગી વગર મુખ્ય મથક છોડી શકશે નહી.

૧૩.તેઓએ સરકારી કામકાજ અર્થે પ્રવાસે જવાનું થાય તો તેવા પ્રસંગે સરકારના વર્ગ-૧ના અધિકારીશ્રીને મળતા લધુત્તમ ગ્રેડ-પેના પગાર ધોરણમાં મળવાપાત્ર પગારના લધુત્તમ પગાર ધોરણ મુજબ મુસાફરી ભથ્થું અને દૈનિક ભથ્થું મળવાપાત્ર થશે.

૧૪.તેઓને ગુજરાત સિવીલ સર્વિસીસ (કન્ડકટ) રૂલ્સ ૧૯૭૧ (શિસ્ત અને અપીલ) માં ઠરાવેલ બાબતો બંધનકર્તા રહેશે અને તેનો ભંગ થયે કરારનો સમય કોઈપણ જાતની કાર્યવાહી વગર સમાપ્ત કરી શકાશે.

૧૫.તેઓએ મળનાર માસિક એકત્રિત વેતનની ત્રણ ગણી રકમનું બોન્ડ આપવાનું રહેશે.

૧૬.સરકારશ્રી તરફથી વહીવટી હિતમાં બીજી કોઈ જરૂરી શરતો નકકી થાય તે પણ બંધનકર્તા રહેશે.

૧૭.વ્યવસાય વેરા કપાત ફીકસ પગારમાંથી કરી લેવાની રહેશે.

૧૮.નિમણૂંકના સમય દરમિયાન તેમણે બજાવેલ સરકારી સેવાની બાબત અંગે કોઈ પણ પ્રકારની ફોજદારી કે દીવાની કાર્યવાહી સબબ રાજય સરકારની કોઈ જવાબદારી રહેશે નહીં.

૧૯.કરાર આધારિત ઉચ્ચક વેતનથી નિમણૂક પામેલ વ્યકિતને સરકારી મહેકમ ઉપર સમાવિષ્ટ માટેનો કોઈ હકક પ્રાપ્ત થશે નહી.

૨૦.ઉપરોકત શરતો નિમણૂક પામનાર વ્યકિતને સ્વીકાર્ય છે, તે અંગેનું સંમતિપત્ર આપવાનું રહેશે.

૨૧.તેઓએ દર ત્રણ મહિને કેટલા કેસમાં હાજર રહ્યા, કેટલા કેસોનો નિકાલ થયો તે પૈકી કેટલા કેસોમાં સરકાર વિરૂધ્ધ ચુકાદા આવ્યા તેની કોર્ટ કેસવારની ચોકકસ માહિતી સક્ષમ અધિકારીશ્રીને અચૂક રજૂ

કરવાની રહેશે.

૨૨.કચેરી દ્વારા કરવામાં આવેલ કેસોમાં રાજય સરકારનું હીત કોઈપણ રીતે જોખમાય નહી તે રીતે કાર્યવાહી કરવાની રહેશે અને નિયમો ની તરફેણમાં ચૂકાદો આવે તે મુજબ સબળ રજૂઆત કરવાની રહેશે.

૨૩.કચેરીને લગતા કોઈ કેસો આ સમયગાળા દરમિયાન સરકારની વિરૂધ્ધ લઈ શકાશે નહીં કે તેની કોઈ કાર્યવાહી હાથ ધરી/સલાહ આપી શકશે નહી.

૨૪. સરકારશ્રીની નીતિ નિયમો વિરુધ્ધ ચુકાદો આવશે તો કાયદા અધિકારી ની સેવાનો અંત લાવવાનું વિચારણા હેઠળ લઈ શકાશે.

૨૫ પોલીસ મહાનિરીક્ષક શ્રી ની સૂચનાનો અમલ કરવાનો રહેશે. તથા આ બાબત નો તેમનો નિર્ણય આખરી રહેશે.

**સંપર્ક**: ટેલીફોન નંબર ફોન નં. : ૦૨૮૩૨-૨૩૨૩૩૫

**(ચિરાગ કોરડીયા)**
**પોલીસ મહાનિરીક્ષક**
**સરહદી રેન્જ , ભુજ**

## પરિશિષ્ટ-૨

## કાયદા અધિકારીશ્રીએ બજાવવાની રહેતી સામાન્ય ફરજો અને જવાબદારીઓની વિગતો

૧. ..................કચેરીના તમામ શાખાના નામદાર નીચલી અદાલત અને વડી અદાલત સમક્ષ ચાલતા તમામ કેસોની કામગીરી.

૨. ..................કચેરી ખાતેની તમામ શાખાઓના નામદાર સુપ્રિમકોર્ટ સમક્ષ ચાલતાં કેસોને લગતી કામગીરી.

૩. ગુજરાત રાજય બહાર અન્ય કોર્ટોમાં ટ્રાન્સફર થયેલ કે થનાર કોર્ટ કેસોને લગતી તમામ કામગીરી.

૪. ..................કચેરીને લગતા કોર્ટ કેસોની કામગીરીના સંદર્ભે નામદાર સુપ્રિમકોર્ટના રાજય સરકારના એડવોકેટ, ગુજરાત હાઈકોર્ટના એડવોકેટ અને આ કામે રાજય સરકાર તરફથી જુદીજુદી કામગીરી સંદર્ભે રોકવામાં આવેલ એડવોકેટ સાથે સંકલનની કામગીરી.

૫. ..................કચેરીને લગતા કોર્ટ કેસો સંદર્ભે સંબંધિત શાખાઓના લાઈઝનમાં રહી નીચે મુજબ કામગીરી કરવાની રહેશે.

- કોર્ટ કેસો તથા તેને આનુષંગિક કામગીરી ઉપરાંત અંગત રસ લઈ કોર્ટ કેસો સંદર્ભમાં પેરાવાઈઝ રિમાર્કસ તૈયાર કરવા, સોગંદનામા તૈયાર કરવા,
- સરકારી વકીલ અથવા સરકારશ્રી દ્વારા રોકવામાં આવેલ વકીલશ્રીઓને બ્રીફ કરવા
- કેસની મુદત/સુનાવણી દરમિયાન જે તે શાખાના સંકલનમાં રહી કોર્ટ ખાતે હાજરી આપવાની રહેશે.
- કેસ ચાલતો હોય ત્યારે સરકારી વકીલશ્રીનું Law Point તરફ ધ્યાન દોરી સરકારશ્રી પક્ષે અસરકારક રજૂઆત થાય તે જોવાની કામગીરી.
- સરકારશ્રીના નિતી-નિયમો ધ્યાને લઈ સુપ્રિમકોર્ટ /હાઇકોર્ટ દ્વારા આપવામાં આવેલ અદ્યતન ચુકાદાઓને ધ્યાનમાં રાખી કાયદાકીય બાબતો પરિપત્રીત કરવા મુસદ્દો તૈયાર કરવાની કામગીરી કરવાની રહેશે.
- સતત કાયદાકીય પ્રક્રિયાઓ સાથે સંકળાયેલ વિભાગ હોવાને કારણે કેન્દ્ર-રાજ્ય સરકાર તરફથી આવતા કાયદાના નવીનીકરણના મુસદ્દા તથા તે સબંધે આપવાના થતા અભિપ્રાય સબંધે મુસદ્દા તૈયાર કરવાના રહેશે.
- સંબધિત કચેરી ખાતેની કોર્ટ મેટર, સંબધિત અધિકારીશ્રીના ધ્યાને લાવી, જરૂરી માર્ગદર્શન મુજબ તાત્કાલીક સમય મર્યાદામાં શાખાના અધિકારી / કર્મચારી સાથે સંપર્કમાં રહીને સરકારી વકીલને બ્રિફ કરી નામ.કોર્ટમાં સમયસર એફિડેવીટ થાય તેના માટે કાળજી રાખવાની રહેશે.

૬. ઉપરોકત કામગીરી સિવાય નિયામકશ્રી તરફથી કોર્ટ કેસોના સંદર્ભમાં જે કોઈ કામગીરી સોંપવામાં આવે તેવી તમામ પ્રકારની કામગીરી.

૭. ઉપર્યુકત કોર્ટ કેસો માટે કાયદા અધિકારીશ્રીએ જરૂર જણાયે સૂચના મળ્યે સામાન્ય કચેરી સમય ઉપરાંત, પ્રસંગ ઉપસ્થિત થયે, રોકાઈને તેમજ જાહેર રજાના દિવસે પણ કામગીરી બજાવવાની રહેશે. જેના માટે કોઈ વધારાનું મહેનતાણું કે ભથ્થું મળવાપાત્ર રહેશે નહી.

૮. ..................કચેરી માં થતાં તમામ કેસોમાં નામ. કોર્ટો દ્વારા આપવામાં આવતાં હુકમોનો અભ્યાસ કરી કાર્યપધ્ધતિમાં જે ભૂલો રહી જાય છે તેની સુધારણા કરી, કાર્યપધ્ધતિ સુધારવી. જેથી કેસોમાં Conviction Rate વધે.

૯. ..................કચેરી દ્વારા થતા તમામ કેસોની ઝડપથી સુનાવણી હાથ ધરાય અને આક્ષેપિત કર્મચારી ખોટી રીતે કેસ લંબાવે નહી. વધુ મુદતો મેળવે નહીં તે જોવાનું રહેશે. અને આ અંગે ઉપરી અધિકારીઓને વાકેફ કરી યોગ્ય રણનિતિ ઘડી ઝડપથી કેસોની સુનાવણી થાય તે જોવાનું રહેશે.

૧૦. ..................કચેરી ના જે કેસો કોર્ટના બોર્ડ ઉપર આવે તે કેસોમાં શકય હોય ત્યાં સુધી તપાસ અધિકારીની અદાલતોમાં હાજરી ઓછી રહે તે મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

૧૧. આપના તાબા હેઠળ..........................જીલ્લાની કચેરીઓ આવેલી છે. જેમાં જીલ્લાવાર...........કેસો વિવિધ કોર્ટોમાં પડતર છે. આ કેસોની ઝડપથી નિકાલ થાય અને કેટલા કેસોનો નિકાલ શ્રી.......................દ્વારા કરાવવામાં આવ્યો છે તે બાબતે આગામી વર્ષે કરાર આધારિત નિમણુક વખતે આ બાબત ધ્યાનમાં લેવામાં આવશે.

**(ચિરાગ કોરડીયા)**
**પોલીસ મહાનિરીક્ષક**
**સરહદી રેન્જ , ભુજ**

(૧) પોલીસ અધિક્ષકશ્રી પશ્ચિમ કચ્છ ભુજ (૨) પોલીસ અધિક્ષકશ્રી પૂર્વ કચ્છ ગાંધીધામ (૩) પોલીસ અધિક્ષકશ્રી પાટણ (૪) પોલીસ અધિક્ષકશ્રી બનાસકાંઠા-પાલનપુર ઓનાનામદાર નીચલી અદાલત અને વડી અદાલતોમાં ચાલતા કેસો અસરકારક રીતે લડવાને લગતી કામગીરી સારૂકાયદા અધિકારીની સરકારશ્રી દ્વારા મંજૂર થયેલ જગ્યા ઉપર કરારના ધોરણે નિમણૂંક આપવા.

**(જગ્યા/નિમણૂકનુંસ્થળ/નિમણુકનો સંભવિત સમય/લાયકાત/પાત્રતા/અનુભવ)**

**જગ્યાઓ:૦૪-** ઉમેદવારે ઈન્ટરવ્યુ માટે આ હેતુ માટે બનાવવામાં આવેલ કમિટી સમક્ષ ભુજ ખાતે તારીખ સમયે અને સ્થળે હાજર રહેવાનું રહેશે.

- ઈન્ટરવ્યુની હાજરી માટે ઉમેદવારને કોઈ ભાડા ભથ્થું ચૂકવવામાં આવશે નહી.

**લઘુત્તમ શૈક્ષિણક લાયકાત:**

- માન્ય યુનિવર્સિટીમાંથી કાયદા સ્નાતકની પદવી મેળવેલ હોવી જોઈએ.

**અરજી માટેની પાત્રતા:**

- જ્યુડીસિયરી ડીપાર્ટમેન્ટમાંથી નિવૃત થયેલ હાલમાં વકીલાત કરતા અને જગ્યાની ફરજો જોતા અનુભવી વ્યક્તિની વય મર્યાદામા છુટ છાટ આપી પ્રાધાન્ય આપવામાં આવશે.

**અપેક્ષિત ગુણવત્તા :**

- કાયદા ક્ષેત્રેમાં વકીલ તરીકે ૧૦ વર્ષનો અનુભવ હોવો જરૂરી છે.નિવૃત ન્યાયાધીશ તથા નિવૃત સરકારી વકીલશ્રી પણ અરજી કરી શકશે
- સેશન્સ કોર્ટમાં કેસો ચલાવેલા હોવા જોઈએ.
- આવા પોતે ચલાવેલ કેસમાં જે ચુકાદો આવેલ હોય તેની નકલ બીડવી. નકલ નહી રજુ કરનારની અરજી ધ્યાને લેવાશે નહીં.
- ગુનાને લગતા કાયદાનું જ્ઞાન તેમજ અનુભવ ધરાવતા હોવા જોઇએ.
- ઉમેદવાર કોમ્પ્યુટર તેમજ ઈન્ટરનેટનું જ્ઞાન અચૂક ધરાવતા હોવા જોઈએ.
- નિમણુંકની સ્થળે ઉમેદવારનું રહેઠાણ હોવું જરૂરી છે અને તેઓ અપ-ડાઉન કરી શકશે નહી
- ઉમેદવાર ગુજરાતી, અંગ્રેજીનું જ્ઞાન ધરાવતા હોવા જોઈએ.
- ઉમેદવાર જો નિવૃત અધિકારી/કર્મચારી હોય તો તેવો વિરુધ્ધ કોઇ ખાતાકીય કાર્યવાહી થયેલ ન હોવી જોઇએ અને **તેઓને ૬૨ વર્ષ ની ઉમર સુધી જ નિમણૂંક મળી શકશે.**
- ઉમેદવાર વિરુધ્ધ કોઇ ગુન્હો દાખલ થયેલ ન હોવો જોઇએ.
- વ્યવસાયીક કાયદાકીય સંસ્થાઓનું સભ્ય પદ હોવું જરૂરી છે.જેનો આધાર રજુ કરવાનો રહેશે. આધારરજુ ન કરનાર ઉમેદવારોને ધ્યાને લેવામાં આવશે નહી.
- ખાલી જગ્યાઓની દ્રષ્ટીએ તથા વહીવટી અનુકુળતા ખાતર જે તે જીલ્લા-શહેરના સ્થાનિક ઉમેદવારોને પ્રાધાન્ય આપવામાં આવશે.
- સદર જાહેરાત અન્વયે અત્રેની કચેરીનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.

નિમણૂક પામતા ઉમેદવારની કરાર આધારિત નિમણૂંક હોઈ, નકકી કરાયેલ ધોરણોનુંસારનો કરાર કરવાનો રહેશે. કરારની શરતો સરકારશ્રી તથા કચેરી વડા દ્વારા થતા નિયમો અને તેમાં થતાં વખતો-વખતના સુધારા નિમણૂક પામતા ઉમેદવારને બંધનકર્તા રહેશે. નિમણૂક પામતા ઉમેદવારને કરવાના થતાં કરાર અન્વયેની બોલીઓ તથા શરતો આ સાથે નિરીક્ષણ અર્થે મુકેલ છે.